ક્રિમીનલ કેસ નં.૧૮૮૫૫/૨૦૨૧

# આંક ૧ લગત હુકમ

સદર કામે આરોપી સામે પ્રોહી એકટની **કલમ ૬૫ એ એ** મુજબનુ ચાર્જશીટ આ કામે રજુ કરવામા આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનુ જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનુ ફલીત થાય છે આરોપીને આઇડેન્ટીફાઈ કરવામા આવેલ છે આરોપી સામેનુ ચાર્જશીટ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતીહાસ હોવાનુ ફલીત થતુ નથી કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબીક જવાબદારી ને ઘ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે તમામ હકીકત ને નિગાહે લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામા ફરમાવેલ ગુના ની સજાની જોગવાઈ ને ધયાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામા આવેલ છે. પરતુ તે તમામ હકીકત ની સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોધાયેલા હોય તેવુ હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબીક પરિસ્થિતિ અને જવાબદારીને ઘ્યાને લેતા તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદજી ઠાકોર વિ. સ્ટેટના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિંઘ્ધાત ને ઘ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતી ને ઘ્યાને લઈ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ઘ્યાને લેતા અને હાથ પરના કેસના સજોગો જોતા તે આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનુ માનવુ હોઈ આરોપીને કાયદામા ફરમાવેલ ન્યુનતમ સજા ને બદલે ઓછી સજા કરવામા આવે તો યોગ્ય અને ન્યાયોચીત જણાશે તેવુ આ કોર્ટનુ માનવુ હોઈ ન્યાયના હીતને ઘ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## હુકમ

આરોપી **રાજુભાઈ પ્રવિણભાઈ જયસ્વાલ** ને મજકુર ગુના અન્વયે તકસીર વાન ઠરાવી **રુા. ૧૦૦/- (અંકે રુપિયા સો પુરા)** દંડ ભરપાઈ કરવાનો અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ભરવામા ઈન્કાર કરે તો વધુ દિન ૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

મુદામાલનો અગાઉ જો કોઈ વચગાળાના તબકકે હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે. અને બાકીના મુદામાાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ તારીખ: ૧૦ મી, માહે-જુલાઈ, સને-૨૦૨૧ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

વડોદરા.
તા. ૧૦/૦૭/૨૦૨૧

**(એમ.એ.કોટડીયા)**
કોડ નં.જી.જે.૦૧૬૩૪
૯ માં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
વડોદરા.

પાવતી નં. ........................
રૂપીયા ૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા)
તા. ૧૦/૦૭/૨૦૨૧

નાઝીર
ચીફ જ્યુડી. મેજી. કોર્ટ
વડોદરા.